રજી.પો.એડી. / સમય મર્યાદા

ક્રમાંક: પરક્ષ/૧૦૨૦૧૯/૮૭૪/ખ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
બ્લોક નં.-૨, પહેલો માળ,
"કર્મયોગી ભવન"
નિર્માણ ભવનની પાછળ,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર- ૩૮૨ ૦૧૦.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર
તારીખ 21/6/2021
શાખા આ-૨

14 JUN 2021

પ્રતિ,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જી.સુરત

વિષય: તારીખ ૩૧/૦૭/૨૦૨૧ ના રોજ સ્પર્ધાત્મક પરીક્ષાનુ આયોજન કરવા બાબત.
પરીક્ષાની બેઠક વ્યવસ્થા માટે વર્ગ ખંડ ફાળવવા બાબત.

| જાહેરાત ક્રમાંક | જાહેરાતનું નામ | પરીક્ષા સમય |
|---|---|---|
| જાહેરાત ક્રમાંક:૧૮૫/૨૦૧૯૨૦ | સચિવાલયના વિભાગો હેઠળના ખાતાના વડાની કચેરીઓ હસ્તકની "સિનિયર કલાર્ક" વર્ગ-૩ સંવર્ગ | સવારે ૧૧:૦૦ થી ૧૩:૦૦ |

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના મંડળના સમાનક્રમાંકના તા.૪/૬/૨૦૨૧ ના પત્ર અન્વયે જણાવવાનું કે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા સચિવાલયના વિભાગો હેઠળના ખાતાના વડાની કચેરીઓ હસ્તકની "સિનિયર કલાર્ક" વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતીના સંબંધમાં તા.૨૪/૦૭/૨૦૨૧ (શનિવાર) ના રોજ ૧૨:૦૦ થી ૧૪:૦૦ કલાકે ઉમેદવારોની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા ભાગ-૧ નું આયોજન કરવામાં આવેલ હતુ. પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે ફેરફાર કરી તા.૩૧/૦૭/૨૦૨૧, શનિવાર, સવારે ૧૧:૦૦ થી ૧૩:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

જે સંદર્ભે આપના સુરત જિલ્લામાં કુલ ૩૬૨૯૭ ઉમેદવારોની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા ભાગ-૧ યોજાનાર હોઇ, વિશાળ સંખ્યામાં શાળા/કોલેજોની જરૂરીયાત રહેતી હોઇ આપના નિયંત્રણ હેઠળની સંસ્થાઓમાં નીચેના કોષ્ટકમાં વધુમાં વધુ વર્ગખંડો ફાળવી આપવા વિનંતી છે.

| ક્રમ | ઉપયોગમાં લેવાનાર ઉમેદવારની સંખ્યા | ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા | ઇન્ચાર્જ વ્યક્તિનું નામ અને ફોન નંબર | CCTV ની વ્યવસ્થા છે? હા કે ના | ગ્રાન્ટેડ છે કે કેમ? |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |

જાહેરાત ક્રમાંક: ૧૮૫/૨૦૧૯૨૦ સંબંધમાં તા.૩૧/૦૭/૨૦૨૧ ના રોજ સમય ૧૧:૦૦ થી ૧૩:૦૦ કલાકે છે, આથી મંડળને પરીક્ષાના સમયગાળા દરમ્યાન સવારના ૦૯:૦૦ કલાકથી પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી ઉપરોક્ત વર્ગખંડની જરૂરીયાત રહેશે. તો તે પ્રમાણે અનુકુળતા કરી આપવા નમ્ર વિનંતી છે. સદરહુ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ૨૪ ઉમેદવારનો એક વર્ગખંડ દીઠ નીચેની વિગતે સ્ટાફની નિમણૂક આપની સંસ્થા તરફથી કરવા વિનંતી છે.

| | | |
|---|---|---|
| ૧ | ઇન્વીજીલેટર | (વર્ગ નિરીક્ષક) વર્ગખંડ દીઠ એક |
| ૨ | સુપરવાઇઝર | (સીનીયર નિરીક્ષક) ૩ અથવા ૪ વર્ગખંડ દીઠ એક |
| ૩ | કારકુન | કેન્દ્ર/ યુનિટ દીઠ એક |
| ૪ | પટાવાળા | કેન્દ્ર/ યુનિટ દીઠ એક |
| ૫ | પાણીવાળા | દર ૧૦૦ ઉમેદવાર દીઠ એક |

સામાન્ય વહિવટ વિભાગના તારીખ-૧૦/૦૪/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:/કપા/૧૧૮૯૧૨૯૦/ગ(પાર્ટ ફાઇલ) અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા યોજાનાર ઉક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના સંચાલન માટે નિમાતા અધિકારી/કર્મચારીઓ માટેના મહેનતાણાના દર નીચે મુજબ છે.

| ક્રમ | હોદ્દો | મહેનતાણાના દર | |
|---|---|---|---|
| | | પરીક્ષાના આગળના દિવસના રૂ. | એક સેશનના રૂ. |
| ૧ | કેન્દ્ર નિયામક | ૯૦૦ | ૬૦૦ |
| ૨ | સુપરવાઇઝર | - | ૪૫૦ |
| ૩ | ઇન્વીજીલેટર | - | ૩૭૫ |
| ૪ | કારકુન | ૩૭૫ | ૨૨૫ |
| ૫ | પટાવાળા/પાણીવાળા | - | ૨૨૫ |

નિમાયેલા સ્ટાફને તેમણે બજાવવાની પરીક્ષાકીય કાર્યવાહી અને સમય-સૂચિ બાબતે મીટીંગ યોજવા તથા નિમાયેલા સ્ટાફના કોઇ સગા-સબંધી આ કેન્દ્રમાં પરીક્ષા આપવા ઉપસ્થિત થનાર હોય તો તેઓને ફરજ સોંપવી નહિ તે ખાસ જોવા અને જેમને ફરજ સોંપી હોય તેની પાસેથી આ બાબતનું ડેકલેરેશન અચૂક મેળવવા વિનંતી છે. મંડળ દ્વારા કેન્દ્ર નિયામકશ્રીની મિટીંગની આગોતરી જાણ કરીને બોલાવવામાં આવશે. જેની જાણ થવા વિનંતી.

આ અંગે સાથે સામેલ રાખેલ સંમતિ પત્રકમાં વિગતો ભરીને, સહી સિક્કા સાથે દિન-૨ માં દર્શાવેલ સ્થળે, મંડળને પરત કરશો તેવી વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

બિડાણ: ઉપર મુજબ.

(ભરત પરમાર)
સચિવ,
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર.